## 1. ''દ્રીમુખી શાસન પદ્ધતિ'' એટલે ? અથવા બંગાળમાં દ્રમુખી શાસન પદ્ધતિ સમજાવો.

- દ્રીમુખી શાસન એટલે બે શાસકો દ્વારા થતું શાસન. બક્સરના યુદ્ધમાં વિજેતા બન્યા પછી બ્રિટિશ કંપની બંગાળની વાસ્તવિક શાસક બની ગયા હતા, તેઓ એ બંગાળ પર દીવાની અધિકાર પ્રાપ્ત કરીને મહેસુલ ઉઘરાવવાનું શરૂ કર્યું. આ સાથે કંપનીએ બંગાળના ન્યાયતંત્ર અને પોલીસતંત્ર પર પોતાનો અધિકાર પ્રસ્થાપિત કર્યો.
- આમ, બંગાળ માં ખરેખર સત્તાનું નિયંત્રણ કંપની પાસે થતું અને પ્રશાસનની જવાબદારી નવાબ પાસે હતી. આ બંનેમાંથી કોઈપણ બંગાળની પ્રજાના હિતને ધ્યાનમાં રાખી કોઈ કાર્ય કરતા નહતા. બંગાળના ઈતિહાસમાં દ્વિમુખી શાસન પદ્ધતિએ બંગાળનું ભયંકર શોષણ કર્યું છે.

## 2. અંગ્રેજમરાઠા વિગ્રહોની ટૂંકી માહિતી આપો.

- ઈ. સ. 1799માં ટીપુ સુલતાનને હરાવતા ભારતમાં મરાઠા સિવાય અન્ય કોઈ અંગ્રેજો સામે ટકી શકે તેમ નહોતું. ઈ.સ. 1817માં મરાઠાઓએ પોતાની ખોવાયેલ પ્રતિષ્ઠા પુનઃ પ્રાપ્ત કરવા પ્રયત્ન ક્યાં. કમનસીબે ચાર ભાગોમાં વહેંચાયેલ મરાઠા સત્તાએ સંયુક્ત રીતે અંગ્રેજો સામે યુદ્ધ શરૂ કર્યું. સામે પક્ષે હેસ્ટિંગ્સ એ પોતાની મહત્તમ તાકાતથી પેશ્વો, ભોસલે અને હોલકરની સેનાને હરાવી દીધી, પેશ્વાને કાનપુરની ગાદી પરથી ઉતારી બિઠુરની જાગીરદારી આપી. હોલકર અને ભોંસલેએ શરણાગતિ સ્વીકારી. આમ, અંગ્રેજ મરાઠા વચ્ચેનો કાયમ માટે અંત આવ્યો.

## 3. બંગાળના નવાબો વિશે નોંધ તૈયાર કરો.

- બંગાળમાં નવાબોના શાસનકાળમાં મુરશીદકુલીખાં, અલીવર્દીખાં, સિરાજઉદ્દૌલા, મીરજાફર, મીરકાસમ અને નિઝાબુદ્દુ દૌલા મુખ્ય હતાં. મુઘલ સામ્રાજ્ય નિર્બળ બનતા બંગાળના સુબે દાર મુરશીદકુલીખાંએ સ્વતંત્રપણે શાસક તરીકે પોતાને જાહેર કર્યા. તેને બંગાળ ના જમીનદારના વિગ્રહોને દબાવી દીધા. તેમના અવસાન પછી તેમના જમાઈ શુઝાઉદ્દીન અને શુઝાઉદીનના પુત્ર સરફરાઝખાંએ બંગાળની ગાદી સાંચવી.
- સરફરાઝખાને દૂર કરી અલીવર્દીમાં બંગાળના શાસક તરીકે આવ્યો. જેમને નવી મહેસૂલી પદ્ધતિ, હિન્દુ, મુસ્લિમને ધંધા વ્યવસાય માટે સમાન તક, શાંતિ અને સમૃદ્ધિની સ્થાપના કરી. તેમના અવસાન પછી સિરાજઉદ્દૌલા બંગાળનો શાસક બન્યો.
- જે અંગ્રેજો. સાથેના પ્લાસીના યુદ્ધમાં (1757)માં હારતા, કંપની સરકાર મીરજાફરને બંગાળની ગાદી આપી. ઈ.સ. 1760માં મીરજાફરે બંગાળની ગાદી પોતાનાં જમાઈ મીરકાસમને સોંપી જે શક્તિશાળી હતો તેને ઇસ્ટ ઇન્ડિયા કંપનીને અંકુશમાં લેવા પ્રયત્ન કર્યો. જેથી અંગ્રેજો એ તેઓની સાથે ઈ.સ. 1763માં લડાઈ લડી જેમાં મીર કાસમની હાર થતાં તે અવધના શરણે ગયો .
- મીરકાસમ, અવર્ષ નવાબ સા.ઉદદૌલા અને મુઘલ બાદશાહ શાહઆલમે સીપ કરી અંગ્રેજો સામે મોરચો માંડ્યો. આ લડાઈ કે જે બક્સરના યુદ્ધ તરીકે પ્રસિદ્ધ બની જેમાં સંયુક્ત સેનાની હાર થઈ. અંગ્રેજો જીતતા તેમને પોતાના વિશ્વાસુ મીરજાફરને ફરી બંગાળનો નવાબ બનાવ્યો. મીરજાફર પછી નિઝાબુદ દૌલા બંગાળનો છેલ્લો નવાબ બન્યો તેમને પોતાની સેનાભંગ કરી અંગ્રેજો સાથે સંધિ કરી હતી.

4. ભારતમાં યુરોપીય કંપનીઓની વસાહતોનું વર્ણન કરો.

- ભારતની સમૃદ્ધિથી આકર્ષાઇને વિવિધ યુરોપીયન પ્રજાઓ ભારતમાં આવી હતી. યુરોપીયન પ્રજામાં સૌ પ્રથમ પોર્ટુગીઝ પ્રજાએ ભારતમાં આગમન કર્યું. તેઓએ કોચીન, ગોવા, દીવ અને દમણમાં પોતાની વસાહતો સ્થાપી. 16મી સદીમાં ડચ પ્રજા ભારતમાં આવી જેઓએ સુરત, ભરૂચ, ખંભાત, અમદાવાદ, કોચીન, નાગપટ્ટમ, મસુલીપટ્ટમ, ચીનચુરા, પટણા અને આગ્રા ખાતે પોતાની વસાહતો સ્થાપી.
- આ બંને પ્રજાની સમૃદ્ધિ જોઈ 1612માં બ્રિટિશરો ભારતમાં પ્રવેશ્યા. અંગ્રેજોને મુંબઈ પોર્ટુગીઝ પાસેથી દહેજમાં પ્રાપ્ત થતા. ત્યાં તેમને પ્રથમ વસાહત સ્થાપી. ત્યારબાદ ક્રમશ તિરુચિરાપલ્લી, મછલીપટ્ટનમ્, ચેન્નાઈ, સરત, પટણા, બાલાશેર, ઢાકા વગેરે જગ્યાએ વસાહતો સ્થાપી. 1664માં ફ્રેન્ચ પ્રજાઓ પણ ભારતમાં આવી તેઓએ ચંન્દ્રનગર. પંડુચેરી અને માટે ખાતે પોતાની વસાહતો સ્થાપી.

5. સિંધ વિજયનાં કારણો અને પરિણામો સ્પષ્ટ કરો.

- અંગ્રેજોનું ભારત જીતવાની મહત્ત્વકાંક્ષા પૂર્ણ કરવા સિંધ પર આક્રમણ કર્યું હતું. આ યુદ્ધમાં અંગ્રેજોની જીત થઈ. સિંધની જીતને કારણે અફઘાનિસ્તાન અને રશિયા ભારતમાં પોતાનું વર્ચસ્વ સ્થાપી ન શકે તે માટે મહત્ત્વનું બન્યું. સિંધુ નદી વેપાર માટે ઉપયોગી પૂરવાર થઈ. આમ સિંધની જીત સુરક્ષિત સીમા તૈયાર કરવાની સાથે વિસ્તારવાદ અને વેપારને ઉતેજન આપવામાં ઉપયોગી નીવડી હતી.

6. ડેલહાઉસીએ દત્તક પુત્ર નામંજૂર કરી કયાં રાજ્યો ખાલસા કર્યા ?

- ડેલહાઉસીએ એવી જોગવાઈ કરી કે જે રાજયો કંપનીનાં ખંડિયા સ્વાશ્રિત કે તાબેદાર હોય તેવા રાજયોનો રાજા અપુત્ર મૃત્યુ પામે તો તેવા રાજયને દત્તક પુત્ર વારસદાર લેવાની મંજૂરી આપવા નહિ અને આવાં રાજયોને ખાલસા કરવાં.
- આ જોગવાઇનો અમલ કરી ડેલહાઉસીએ સુરત, કોલાબા, માંડવી, સતારા, ઝાંસી, નાગપુર, સંભલપુર, બાધર, ઉદેપુર અને જેતપુરનાં રાજયો ખાલસા કરી કંપનીના પ્રદેશો સાથે જોડી દીધાં.

7. ક્લાઈવે મુઘલ સમ્રાટ પાસેથી કઈ સત્તા મેળવી? તેનું શું પરિણામ આવ્યું?

- ક્લાઈવે મુઘલ સમ્રાટ પાસેથી બંગાળ, બિહાર અને ઓરિસ્સામાંથી જમીન મહેસુલ ઉઘરાવાની “દિવાની સત્તા” મેળવી. જેને પરિણામે “ટ્રીમુખી શાસન પદ્ધતિ” શરૂ થઈ જેણે અરાજકતા અને અંધાધુનીને જન્મ આપ્યો, જેને કારણો ખેતી અને ખેડૂતો પાયમાલ થયાં.
- ખેતીની સીધી અસર જેતે પ્રદેશોના વેપાર વાણિજય પર થઈ તેનાથી ઉદ્યોગો અને વેપાર વાણિજયના પતનની શરૂઆત થઈ. અંગ્રેજો એ ઈંગ્લેન્ડના હિત ખાતર સત્તાનો દુરુપયોગ કરીને બંગાળના હુન્નર, ઉદ્યોગો અને વેપાર વાણિજય ભાંગી નાંખ્યા અને બંગાળને વધુ ને વધુ કંગાળ બનાવ્યું હતું.